ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Department of Science & Technology
Government of Gujarat

Phone : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.

Date : 25th September, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,
.....,
ભાવનગર.

'વિશ્વ અંતરીક્ષ સપ્તાહ' અંતર્ગત

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા સાત દિવસીય ઓનલાઈન શિબિરનું આયોજન

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા રાજ્યભરમાં લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

આદિ થી અનંત સુધી વિસ્તરેલ વિશાળ અંતરીક્ષ હમેશાથી લોકોના આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. અવકાશની વિવિધ ગતિવિધિ દ્વારા વર્તમાન અને ભવિષ્યની સાથે ભૂતકાળની અનેક ઘટનાઓ વિષે તજજ્ઞો – વૈજ્ઞાનિકો દ્વારા અનેક માહિતી પર સંશોધનકાર્ય દ્વારા નજીકના ભાવીશ્યમી ઘટનાઓનો તાગ મેળવવામાં સફળતા મેળવી છે. ૦૪ ઓક્ટોબર, ૧૯૫૭ ના રોજ, સ્પુટનિક-૧ અને ૧૦ ઓક્ટોબર, ૧૯૬૭ ના રોજ ચંદ્ર અને બીજા અવકાશીય પદાર્થોના અભ્યાસ અને સંશોધન માટે થયેલ સંધિ પર અનેક દેશોના હસ્તાક્ષર થયેલ. સમગ્ર વિશ્વમાં લોકોને અવકાશ સંશોધન પ્રત્યે પ્રેરિત કરવા ૦૪ થી ૧૦ ઓક્ટોબરના મહત્વપૂર્ણ યાદગાર દિવસોને વિશ્વ અંતરીક્ષ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર સંચાલિત ભાવનગર એસ્ટ્રોનોમી કલબ દ્વારા ખગોળ-પ્રેમી લોકો માટે સતત નાના મોટા પ્રયાસો થકી ટેલીસ્કોપની નજરે લોકોને રસપ્રદ રીતે માહિતી આપવા તત્પર રહ્યું છે. વિશ્વ અંતરીક્ષ સપ્તાહની ઉજવણી કોરોના મહામારીને ધ્યાન પર રાખી ખુબ જ રસપ્રદ રીતે થાય અને લોકો માહિતગાર થાય એવા તા.૦૪ ઓક્ટોબર,૨૦૨૦ થી શરુ કરીને ૧૩ ઓક્ટોબર, ૨૦૨૦ સુધી વેબિનાર સીરીઝનું આયોજન થનાર છે. જેમાં જાણીતા વૈજ્ઞાનિકો અને તજજ્ઞો દ્વારા વિવિધ વિષયો પર વ્યાખ્યાન આપવામાં આવનાર છે.

ઉપરોક્ત સાત દિવસીય ઓનલાઈન શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ તા.૦૩-૧૦-૨૦૨૦ સુધીમાં પોતાના નામની નોંધણી www.krcscbhavnagar.org / upcoming events પર કરવાની રહેશે. સાત દિવસીય ઓનલાઈન શિબિરમાં સાત દિવસ જોડાનાર જ્ઞાનપીપાસુને ઈ-પ્રમાણપત્ર આપવામાં આવશે. વધુ માહિતી માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ફોન : 8866570111 પર સંપર્ક કરી શકાશે.

25/09/2020
6:30 PM
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.